R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 08 DATE: 22-02-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## પાકિસ્તાનમાં બળજબરીથી કરાતા ધર્મમાં પરિવર્તન સામે રોષ

પાકિસ્તાનમાં બળજબરીથી ઈસ્લામ અંગીકાર કરાવવાની ઘટનાથી હિંદુ સમુદાયમાં રોષ ફેલાયો છે.તાજેતરમાં કરાંચી પ્રેસ કલબ ખાતે યોજાયેલ હિંદુઝ ઈન પાકિસ્તાન ઈશ્યુઝ એન્ડ સોલ્યુશન સેમિનારમાં હિંદુ સમુદાયના લોકોએ તેમની નારાજગી અને રોષ વ્યક્ત કર્યો હતો.તેમના જણાવ્યા મુજબ બળજબરીથી ધર્મપરિવર્તનની ઘટનાઓ વધી ગઈ છે.

રિન્કી કુમારી નામની એક છોકરીના કાકા રાજકુમારે કહ્યુ કે તેમની છ વર્ષની દીકરી જુમના અને તેની ૧૦ વર્ષની બહેન પુજાનું બળજબરીથી ધર્મપરિવર્તન કરાવી દેવાયું છે તેમ છતાં મીડીયાએ આ મુદ્દો ઉઠાવ્યો નથી.જુમનાની માતા સોમાએ કહ્યું હતું કે તેમની દીકરીઓ ઘેર ઘેર જઈને માટીના રમકડા વેચવાનું કામ કરે છે.એક દિવસે તેઓ એ માટે ગઈ પણ પાછી આવી નહી.થોડા સમય પછી ખબર પડી કેતે રજબ પઠાણ નામના એક માણસની સાથે રહે છે.ત્યારબાદ મિરપુરખાસમાં અકતર કોલોનીની પોલીસે કોર્ટમાં આ બંન્ને દીકરીઓને મુસ્લીમ તરીકે રજુ કરી હતી.ઓલ હિંદુ રાઈટ્સ ઓરગેનાઈઝેશનના ચેરમેન કિશનચંદ પરવાનીએ કહ્યું કે પાકિસ્તાનમાં લઘુમતીઓની સમસ્યાઓ ઘટવાને બદલે વધી રહી છે. પાંચ ટર્મથી તેઓ કાર્યરત છે.પરંતુ હિન્દુઓના અધિકાર મામલે અહીં પ્રાથમિકતા આપવામાં આવતી નથી. વિધાનસભાએ હિંદુ લગ્ન ધારો પસાર કર્યો નથી અને તેને કારણે હિંદુ દીકરીઓને બળજબરીથી ઈસ્લામ અંગીકાર કરાવીને મુસ્લીમો સાથે પરણાવી દેવાય છે.પરવાનીએ કહ્યું કે હિંદુ સમુદાયને પાકિસ્તાનમાં દરેક સ્તર પર પરેશાન કરવામાં આવી રહ્યો છે. રાજકીય નેતા ડો.રીયાઝ ચંદિયોએ કહ્યું કે જો હિંદુ છોકરીઓ તેમની ઈચ્છાથી ઈસ્લામનો અંગીકાર કરતી હોય તો તેમને કોઈ વાંધો નથી.



## ઇન્ડોનેશીયામાં મુસ્લીમ કટ્ટરવાદીઓના વિરોધ પ્રદર્શનો બાદ ચર્ચો બંધ કરાયા

ઈન્ડોનેશીયામાં મુસ્લીમ કટ્ટરવાદીઓ દ્વારા ચર્ચો સામે હિંસક પ્રદર્શનો કરાતાં ચર્ચો બંધ કરવામાં આવ્યા હતા.ઉપરોક્ત ફોટામાં જીસસ ક્રાઈસ્ટનું સ્ટેચ્યુ ચર્ચના પ્રથમ મજલામાં આવેલ હતું તે મુસ્લીમ કટ્ટરવાદીઓ દ્વારા ધ્વંશ કરવામાં આવ્યું હતું.તિમાંગગંગ,સેન્ટ્રલ જાવા,ઈન્ડોનેશીયા ખાતે આવેલ ચર્ચની તોડફોડ કરવામાં આવી હતી.ઈન્ડોનેશીયાના ચાર ચર્ચો છેલ્લા બે મહિનાથી કટ્ટરવાદીઓના વિરોધને કારણે બંધ કરવામાં આવ્યા હતા.જેમાં ઈન્ડોનેશીયન ફુલ ગોસ્પલ ચર્ચ,પેન્ટીકોસ્ટલ મુવમેન્ટ ચર્ચ,ઈન્ડોનેશીયન બેથેલ ચર્ચ અને ક્રિશ્ચિયન ન્યુ કોન્વેન્ટ ચર્ચનો સમાવેશ થાય છે.જે વેસ્ટ જાવામાં આવેલ છે.ક્રિશ્ચિયન ન્યુ કોન્વેન્ટ ચર્ચ ના પાસ્ટરે ચર્ચો ફરી શરુ કરવા માટે પીટીશન દાખલ કરેલ છે.



## સાઉદી અરેબીયામાં તમામ ધર્મોના લોકોને ધાર્મિક સ્વાતંત્રતા આપવા માટે યુરોપીયન યુનીયનની ભલામણ

યુરોપીયન યુનીયને કીંગ્ડમ ઓફ સાઉદી અરેબીયાને જણાવ્યું હતું કે તેઓ તમામ ધર્મોનો આદર કરે અને તેમને તેમની ધાર્મિક આસ્થા પાળવાને સ્વતંત્રતા આપે.પોર્ટુગીઝ એમઈપી અના મરીના ગોમ્સ,યુરોપીયન પાર્લામેન્ટમાં રજુ કરેલ મુસદ્દા મુજબ સાઉદી અરેબીયા તેમના અગત્યના સાથીદાર છે.જેથી સાઉદી સત્તાવાળાઓએ હ્યુમન રાઈટ્સના ધોરણો વ્યક્તિગત રીતે સ્વીકારવા જોઈએ અને જાહેરમાં દરેક વ્યક્તિને તેમના ધર્મની આસ્થાને પાળવા માટે મુક્તી આપવી જોઈએ.આતંકવાદ, ઈઝરાયેલી-પોલેસ્ટાઈનીયન શાંતિ,સીરીયાની લડાઈ,પોસ્ટ આરબ સ્પીંગ ટ્રાન્સીકશન,તેમજ ઈરાન સાથેના સારા સુમેળભર્યૂ સંબધો સ્થાપવા વિગેરે અગત્યના મુદ્દાઓ છે જેમાં સાઉદી અરેબીયાનો સહકાર જરુરી છે.તેમણે આ બાબતને સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે તેમના સાઉદી સાથેની ભાગીદારી અસરકારક બની શકે જો સાઉદી અરેબીયા હ્યુમન રાઈટસ અને નાગરિક અધિકારોને માન આપે તો.એમઈપીઝે માંગણી કરી હતી કે સાઉદી કોઈપણ ધર્મને જાહેરમાં ધર્મ પાળવાની સ્વતંત્રતા આપે તો હાલના સમયમાં તે અગત્યનો મુદ્દો ગણાશે.

સાઉદી અરેબીયાનો ધાર્મિક સ્વાતંત્રતા માટેનો ટ્રેક રેકોર્ડ ઘણો જ નબળો છે.ફેબ્રુઆરી ૨૦૧૩માં ધ ગ્રાન્ડ મુફ્તી ઓફ સાઉદી અરેબીયા, એબ્દુલાઝીઝ ઈબ્ન એબ્દુલ્લાહ અલ શેખે કહ્યું હતું કે અરેબીયન વિસ્તારમાં આવેલ તમામ ચર્ચોનો નાશ કરી દેવામાં આવે.આર્ટીકલ ૨૩ ઓફ સાઉદી અરેબીયાના બંધારણ મુજબ,રાજ્ય ઈસ્લામનું રક્ષણ કરશે અને શરીયા કાયદાનો અમલ કરશે.જે લોકોને સાચુ કરવા અને ખોટાનો સામનો કરવા,તેમજ ઈશ્વરની ઈચ્છાને આધીન થવાની સમજણ આપે છે.જયારે નોન ઈસ્લામીક ખાનગી રસમ અને સમજ પ્રમાણેનો અમલ થાય છે.જેને કાયદાનું રક્ષણ મળે છે.જાહેર જનતાના હિત ઉપર તરાપ મારવામાં આવે છે.અને આ પાબંધી ધાર્મિક પોલીસ દ્વારા અમલી કરાવાય છે.જાહેર અને ખાનગી પ્રાર્થના કે બંદગી બાબતે ઘણી બાબતો સ્પષ્ટ નથી.૨૦૧૧ ડિસેમ્બરમાં ઈથોપીયન ક્રિશ્ચીયન ગ્રુપની ધરપકડ કરવામાં આવી હતી કારણકે તેઓ એક સ્થળે એકઠા મળીને તેમની આસ્થા મુજબ પ્રાર્થના કરતા હતા.ધાર્મિક પોલીસ જેને મુટાવા કહે છે તેઓ શેરીઓમાં ગસ્ત લગાવે છે અને તેમના ખોટા અર્થ વાળા કાયદાનો અમલ કરે છે.તેઓ બાયબલને પ્રતિબંધિત પુસ્તક માને છે.તેમની એવી માન્યતા છે બાયબલ સ્થાનિક લોકોનુ ધર્મ પરિવર્તન કરાવનાર પરિબળ છે.કોઈપણ અન્ય ધર્મ એટલે કે ઈસ્લામ સિવાયના કોઈપણ ધર્મની પ્રાર્થના કરવી ગુનો સમજવામાં આવે છે.

### વિનંતી

તમારી પ્રાર્થનામાં
અમારી
સેવાઓને ખાસ
યાદ રાખશો.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

યુપીએ સરકારના કેન્દ્રીય નાણાંમંત્રી પી. ચિંદમ્બરે સંસદમાં વચગાળાનું બજેટ રજુ કર્યુ.લોકસભાની ચુંટણી આવી રહીછે તેથી સ્વાભાવિક છે કે સરકારને ચુંટણીમાં મદદરુપ થાય તેવું બજેટ મુકવૂં પડે. આ કોગ્રેસની સરકાર છે એટલે નહી પરંતુ કોઈપણ રાજકીય પક્ષની સરકાર હોય તો તેમણે આજ કરવું પડે.

કોગ્રેસ પક્ષે તેની અપેક્ષા મુજબ બજેટને સારુ કહ્યુ,તો ભાજપ સહિતના વિરોધ પક્ષોએ ટીકા કરી છે. કેટલાક પક્ષો પ્રતિક્રિયા આપવાથી દુર રહ્યા છે.ઉદ્યોગ જગતે તેને સમતોલ બજેટ ગણાવીને તેની પ્રશંસા કરી છે.ભાજપે તો આ બજેટને યુપીએ સરકારનું ફેરવેલ બજેટ ગણાવ્યું હતું. તેના નેતા મુખ્તાર નકવીએ કહ્યુ હતું કે સરકારે છેલ્લા દસ વર્ષમાં બેરોજગારી, ફુગાવા અને ભ્રષ્ટાચાર માટે કંઇ પણ કર્યું નથી.હવે જ્યારે તે અંગે કંઈક કરવાનો મોકો આવ્યો છે ત્યારે તેમણે મતદારોને આર્કષવા માટે પ્રયત્ન કર્યો છે.યુપીએ સરકારનું આ બજેટ માત્ર ચાર મહિના પુરતુ સીમીત રહેશે કારણકે મેમાં લોકસભાની ચુંટણી હોઈ તેમા સરકાર બદલાય તો નવું બજેટ આવે તેમાં આ બજેટના અનેક પગલાં બદલાઈ શકે છે.

આપની પરિભાષામાં ફેરફારો થયા છે.હવે કેજરીવાલે કહ્યું છે કે તેઓ ઉદ્યોગપતિઓની વિરુધ્ધ નથી પરંતુ દેશને લુંટનારાની વિરુધ્ધમાં છું.દોઢ મહિનાના વહીવટમાં કેટલીક સરકારો કરતાં પણ વધુ કામ કરી હોવાની વાત પણ કરી છે.અને ભ્રષ્ટાચાર ઘટાડી દીધો છે.જો કે તેમની વાતોને હવે મીડીયા બકવાસ જોવા લાગી છે. કેજરીવાલના ગુરુ અણ્ણા હજારેએ કેજરીવાલની નીતિઓની આકરી ટીકાઓ કરી છે.લોકસભાની ચુંટણીઓ પહેલા હજુ તેઓ કેવા ખેલ પાડે છે તે જોવા લોકો આતુર તો છે પરંતુ વિધાનસભાની માફક તેમને સફળતા મળે તેવી કોઈ શક્યતાઓ હાલ પુરતી દેખાતી નથી.જો કે કેજરીવાલ ની અસરો તાજેતરમાં જોવા મળી છે તેની નોંધ લેવી પડે.ગુજરાતમાં સીએનજી અને પીએનજી ગેસના ભાવોમાં મોદીની સરકારે તાત્કાલીક અસરથી ૧૧ થી ૧૨ રુપીયા સુધીનો ઘટાડો જાહેર કર્યો છે.જો કેજરીવાલ અસરકારક રીતે કામ કરે તો દેશના તમામ સામાન્ય અને મધ્યમવર્ગના લોકોને મોઘવારીમાં ફાયદો થઈ શકે તેમાં બેમત નથી.જ્યાં સુધી ભ્રષ્ટાચારનો સવાલ છે તો તેને સમુળગો તો નાબુદ કરવાનું સહેલું નથી પરંતુ તેની ઉપર કાબુ મેળવી શકાય અને લોકો લાંચ આપતા કે લેતા પહેલાં અચકાય જરુર.દેશના ઉદ્યોગપતિઓએ જે લુંટ ચલાવી છે તેને કાબુમાં લાવી શકાય તેવુ કેજરીવાલની અસરો કહી શકે છે.દેશમાં કેજરીવાલ જેવા આમ પાર્ટીની ખરેખર જરુરીયાત છે કારણકે સરકારી અમલદારો અને કર્મચારીઓ એટલી બધી હદે વંઠી ગયા છે કે તેને કાબુમાં રાખવા માટે અન્ય કોઈ અસરકારક ઉપાય નથી. લાંચ રુશ્વત ખાતું આ બાબતે કંઈ કરી શકે તેમ નથી.મહેસુલ ખાતા જેવા અનેક લાંચીયા ખાતાઓ છે જેમાં તમારે કોઈપણ કામ કરવું હોય તો દાપુ તો આપવું પડે.નહીતર તમારુ સાચુ કામ પણ થાય નહી.અદાલતોમાં કેસો ચાલવામાં જે સમયની અસર છે તે ગુનેગારોને વધુ સક્ષમ બનાવે છે.વધુ સમય મળતાં સાક્ષીઓને યેનકેન પ્રકારે ફોડી નાંખવામાં આવે છે અને તેથી ગુનો પુરવાર થતો નથી અને અનેક ગુનેગારો નિર્દોષ છુટી જાય છે.

ભાજપ તરફથી ચાલી રહેલ પ્રચાર ઝુંબેશમાં જે રીતે નાણાંનો છુટો દોર ચાલી રહ્યો છે અને સત્તા મેળવવાની હોડમાં પક્ષે જે રીતે નાણાંની કોથળીઓ ખુલ્લી મુકી છે તે બતાવે છે કે રાજકીય પક્ષો કેટલી હદે ધન એકઠું કરતા હશે.ખરેખર જનતાની સેવા તો બાજુ પર રહી પરંતુ સત્તા મેળવીને ધન સંચય કરવાની કળામાં મોટા ભાગના રાજકીય પક્ષો માહેર બની ગયા છે.લોકશાહીને લાંછન લગાવે તેવી ચુંટણી પ્રક્રિયા ચાલી રહી છે.માત્ર દેખાવ અને દેખાવ પુરતી આ લોકશાહી છે. તે લોકો માટે નથી અમુક સ્થાપિત હિતો માટે છે તેઓ સત્તા હસ્તગત કરીને દેશની સંપત્તિને લુંટે છે.સામાન્ય જનતાને આ બાબતે કશુંજ ખબર નથી પડતી. જેઓને ખબર પડે છે તેઓને ચુપ કરી દેવાય છે.૨૦૧૪ની લોકસભાની ચુંટણી બીજા અને પ્રપંચો,કપટ અને બેનંબરના નાણાથી લડાશે અને લોકો તેમનો કિંમતી અને પવિત્ર ગણાતો મત આપીને સંસદમાં એવા નેતાઓને મોકલી આપશે જે ખરેખર સાચા નેતા નથી.

# ભુતપુર્વ પોપ બેનીડીક્ટનુ નિવૃત્તિ જીવન શાંતિમય રીત પસાર થઇ રહ્યું છે



ભુતપુર્વ પોપ બેનીડીક્ટ એક વર્ષ પહેલાં નિવૃત્તિ જાહેર કરીને જાહેર જીવનમાંથી અલિપ્ત બન્યા હતા.હાલમાં તેમનું સામાન્ય અને ધાર્મિક જીવન બિલકુલ શાંતિમય રીતે વીતી રહ્યું છે.તેવું તેમના નજીકના સલાહકાર દ્વારા જણાવાયું હતું.તેમણે કહ્યું હતું કે પોપ બેનીડીક્ટનું જીવન શાંતિમય રીતે પસાર થઈ રહ્યું છે.આર્ચબિશપ જ્યોર્જ ગેન્સવીન જે હાલના પોપ ફ્રાંસીસ અને ભુતપુર્વ પોપના સલાહકાર તરીકે સેવાઓ આપી રહ્યા છે. હું ચોક્કસ છુ અને ઈતિહાસ કદાચ કોઈ જુદી રીતે આંકે પરંતુ છેલ્લા વર્ષમાં બનેલ ઘટના એક અદ્ભુત ઘટના હતી.આર્ચબિશપ હાલમાં પોપ ફ્રાંસીસ અને બેનીડીક્ટના સેક્રટરી તરીકે ફરજ બજાવી રહ્યા છે.તેઓ બેનીડીક્ટના અંગત સલાહકાર તરીકે ૨૦૦૫માં થયેલ ચુંટણી પહેલાથી કાર્ય કરતા હતા.અને હાલમાં પણ તેઓ દૈનિક રીતે તેમની સાથે ચાલવા બપોરે જાય છે.

બેનીડીક્ટ પોતે જાતે ૨૦૧૩માં નિવૃત્તિ જાહેર કરી હતી.નિવૃત્તિ લેતા તેમણે જણાવ્યું હતું કે તેમની પાસે હાલમાં શારીરીક અને માનસિક ક્ષમતા રહી નથી કે તેઓ આ કાર્યભારને ન્યાય આપી શકે.અને ચર્ચને યોગ્ય નેતાગીરી પુરી પાડી શકે.તેમની કાર્યશૈલીને વખતોવખત જાહેરમાં પણ મીડીયા દ્વારા ટીકા કરવામાં આવી હતી.મુખ્યત્વે તે વખતે ચાલી રહેલ સેક્સ એબ્યુસનો મુદ્દો વધુ ચર્ચામાં હતો.સેક્સ એબ્યુસના મામલે ચર્ચની કેટલાક કિસ્સામાં સંડોવણી જાહેર થઈ હતી.આ ઉપરાંત વેટીકનના અગત્યના દસ્તાવેજો ચોરાઈ ગયા કે લીકેજ થયા હતા.જેમાં પોપ બેનીડીક્ટનો બટલર સંડોવાયેલ માલુમ પડ્યો હતો.જેના કારણે વેટીકન કોમ્યુનીટી પર ભ્રષ્ટાચારી અને અસ્થિર હોવાનું લેબલ પણ લાગ્યું હતું. આ બધી પરિસ્થિતિઓ ગંભીર વળાંક લઈ રહી હતી તેવામાં તેઓ પ્રથમ પોપ હતા કે જેમણે પોતાની જાતે જ નિવૃત્તિની ધોષણા કરી હતી.તેમના આ નિર્ણયને કારણે ૧૩૦૦ વર્ષમાં સહુ પ્રથમવાર નોન યુરોપીયન પોપની ચુંટણી કરવામાં આવી હતી.અને નવા પોપની ચુંટણી માટે જયોર્જ મારીયો બીરગોગ્લીઓ,આર્જેટીનાને પસંદ કરવામાં આવ્યા હતા.અને તેમણે પોપ ફ્રાંસીસ એવું નવું નામ ધારણ કરીને હોદ્દો ગ્રહણ કર્યો હતો.તેમની ચુંટણી બાદ પોપ ફ્રાંસીસને એ બાબતે ક્રેડીટ આપવી જોઈએ કે તેમણે માનવતા ધોરણે ગરીબો માટે કાર્ય કરવાનું શરુ કર્યુ હતું.

ગેન્સવીને તાજેતરમાં વેટીકન ટેલીવિઝનને આપેલ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે પોપ ફ્રાંસીસની ખ્યાતિ એટલી બધી વધી છે કે તેઓ વિશ્વમાં આજે તેમની નોંધ લેવાઈ રહી છે અને તેનું મુખ્ય કારણ પોપ બેનીડીક્ટે જાહેર કરેલ નિવૃત્તીને કારણે આ લાભ પોપ ફ્રાંસીસને મળ્યો છે.આપણે હાલમાં જોઈ રહ્યા છે કે વિશ્વ સ્તરે પોપ ફ્રાંસીસની કેટલી મોટી નોંધ લેવાઈ રહી છે.તેનું કારણ એ નથી કે તેઓ ચર્ચને વિશ્વાસુ છે પરંતુ તેમણે કરેલ કાર્યોની નોંધ લેવાઈ રહી છે.પોપ બેનીડીક્ટે આપેલ રાજીનામાને કારણે પોપ ફ્રાંસિસનું અસ્તિત્વ આવ્યું અને તેમણે તમામ પરિસ્થિતિ ઉપર કાબુ મેળવ્યો અને આપણે તેમનાથી ખુશી થયા છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધું પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.300

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોન: ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે

સફળતા કોને કહેવાય ? આમ તો દરેક વ્યક્તિની દષ્ટિએ સફળતાનો અર્થ જુદો જુદો હોઇ શકે. કોઇ તેને સંપત્તિ સાથે સાંકળી શકે તો કોઇ તેને સ્વાસ્થ સાથે સાંકળે તો કોઇ તેને અભ્યાસ સાથે કે સમાજમાં મળતા મોભા-પ્રતિષ્ઠા સાથે સાંકળી શકે. આમ છતાં સફળતા એ આંતરિક બાબત છે.જે બાબતને તમે પ્રાધાન્ય આપીને સફળતા ગણો છો તેને અન્ય વ્યક્તિ સફળતા ન પણ ગણે.પણ તે માટે આપણે આપણી પસંદગી કે રસ રુચિ બદલવાની જરુર નથી.તમને મજા આવતી હોય , સંતોષ મળતો હોય અને સમાજ તેને સહર્ષ સ્વીકારતો હોય તેવી દરેક બાબતમાં આગળ વધો, એ જ તમારી સફળતા છે.

તમારી શક્તિ અને મર્યાદાને જાણો. વ્યવહારિક બનો. એટલે કે વાસ્તવિકતાનો સ્વીકાર કરો. તમને જે મળ્યું છે તે છે અને નથી તે નથી.તેનો સ્વીકાર કરો અને મહેનત કરવા મંડી પડો.પોતની બહેરી પત્ની માટે શ્રવણયંત્ર શોધવાનો અલેકઝાંડર ગ્રેહામ બેલે ખુબ પ્રયત્ન કર્યો હતો.તેઓશ્રવણયંત્ર ન શોધી શક્યા. હા, ટેલીફોનના સિધ્ધાંતો જરુર શોધી કાઢ્યા.આમ કરેલું ફોગટ જતું નથી.એન્ડુ કારનેગ કહે છે, એક સામાન્ય વ્યક્તિ પોતાની શક્તિના ૨૫ ટકા જ કામ કરે છે.જેઓ ૫૦ ટકાથી વધુ શક્તિ ખર્ચે છે તેઓને જગત સલામ કરે છે.પરંતુ જેઓ ૧૦૦ ટકા શક્તિ ખર્ચે છે તેમને જગત આસમાનની બુલંદી પર બેસાડે છે.

સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે.બંને એકબીજાની સાથે ચાલે છે.જ્યાં સફળતા હોય ત્યાં સંઘર્ષ હોય અને સંઘર્ષ હોય ત્યાં સફળતા પણ આવે. તમે કહેવત સાંભળી હશે, ''શાંત દરિયો કદી કુશળ ખલાસી બનાવતો નથી.'' આમ સંઘર્ષ દ્વારા મળેલી સફળતા જ સંતોષ સાથે નિજાનંદ આપે છે. પ્રયત્ન વિના, પ્રાપ્ત થયેલ લક્ષ્ય ધાર્યો સંતોષ કે આનંદ આપી શકતા નથી.

ટોમ વોટસનના મતે જો તમારે સફળ થવું હોય તો નિષ્ફળતાનું પ્રમાણ બમણું કરી નાંખો. એટલે કે પ્રયત્નો વધારી દેવા જોઇએ.તેમાં ભલેને મોટા ભાગના પ્રયત્નો નિષ્ફળતામાં પરિણમે. લોકો સફળતાને જુએ છે.વધાવે છે,તે માટે થયેલ નિષ્ફળ પ્રયત્નોને કોઇ મહત્વ આપતું નથી.નિષ્ફળ થવાશે તેમ માનીને કશું જ ન કરનાર કરતાં, સતત નિષ્ફળ થનાર વ્યક્તિ પણ જો પોતાના પ્રયત્નો ચાલુ જ રાખતો હોય તો તે વધારે પ્રમાણિક અને વિશ્વાસુ ગણાય.

એક ખેડુતની વાડી જોઇને કોઇએ કહ્યું કે વાહ ભગવાને કેટલી સુંદર વાડી તને આપી છે.તારે ભગવાનનો આભાર માનવો જોઇએ. ત્યારે પેલા ખેડુતે કહેલું કે હા હું ભગવાનનો આભારી છું.પણ તમારે આ વાડી પાંચ વર્ષ પહેલાં જોવી જોઇતી હતી.જ્યારે તે માત્ર પ્રભુના ભરોસે હતી. અહીં અર્થઘટન એ કરવાનું કે ભગવાનને ભરોસે બધું ન છોડાય. આપણી મહેનત હોય તો જ સફળતા મળે. પ્રિન્સ લોમ્બાર્ડી જણાવે છે કે વિજયી બનવાની ઇચ્છા બધાને હોય છે, પણ એ માટે નક્કર યોજના બનાવી પુર્વ તૈયારી કરવા માટે ખુબ ઓછા લોકો તૈયાર થતા હોય છે.સફળતા મેળવવા માત્ર શૈક્ષણિક ડીગ્રી જ કામ આવતી નથી.સફળ વ્યક્તિઓમાંથી મોટા ભાગની વ્યક્તિ અભ્યાસમાં મોખરાનું સ્થાન ધરાવતી ન હતી.અરે, ઘણી વ્યક્તિઓ તો અભ્યાસમાં નાપાસ પણ થતી હતી. તો કેટલીક વ્યક્તિઓ તો અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હતો. કેટલાંક ઉદાહરણો વાંચો. લકવાગ્રસ્ત વિલ્મા રુડોલ્ફ પોતાની તીવ્ર ઇચ્છાશક્તિ અને મહેનતને કારણે ૧૯૬૦માં ઓલિમ્પીકમાં સૌથી ઝડપી મહિલા તરીકે પ્રથમ આવી હતી.શૈલી માન બાળપણમાં લકવાગ્રસ્ત બની હતી. છતાં તરણવિદ્યા શીખી ૧૯૫૬ની મેલબોર્ન ખાતેની ઓલિમ્પીકમાં તેણે ત્રણ વિક્રમ સર્જ્યા હતા.હેની ફોર્ડ જ્યારે પોતાની જીવનની પ્રથમ કાર બનાવી ત્યારે તેઓ તેમાં રીવર્સ ગીયર નાંખવાનું ભુલી ગયા હતા.અને ૪૦માં વર્ષે નાદારી નોધાવી હતી.વીજળીનો દિવો શોધવામાં થોમસ આલ્વા એડીસનને સફળતા મળી એ પહેલાં ૧૦,૦૦૦ પ્રયોગ નિષ્ફળ નીવડ્યા હતા.સુપરસ્ટાર રજનીકાંત ૨૪માં વર્ષે બસ કંડકર હતો.બીલ ગેટસે પોતાનું યુની.નું શિક્ષણ પુરુ કર્યું નથી.સચિન તેંડુલકર ૧૦માં ધોરણની પરીક્ષામાં નાપાસ થયો હતો.આમ સફળતા માટે માત્ર શિક્ષણ જ ઉપયોગી નથી.તમને જેમાં રસ છે, તમને જે ગમે છે તે પુરા લગાવથી મન મુકીને કરો. તમે સફળ થશો જ, અંતે દોસ્તો એટલું યાદ રાખજો કે ,બધા બધું નથી બની શકતા અને બધા એ બધું બનવાની જરુર પણ નથી.

ડો. અશોક પટેલ(સૌ.)


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


# સત્ય જ જીવનનો આધારસ્તંભ છે

મહાભારતમાં તો કહ્યુ છે ' સત્ય,દાન, ક્ષમા,અહિંસા,દયા વગેરે સદ્ગુણો જો શુદ્રમા હોય તો તે શુદ્ર નથી અને જો બ્રાહ્મણમાં આ ગુણો નથી તો તે બ્રાહ્મણ નથી ' એક ત્રાજવામાં આખા વિશ્વની વસ્તુઓ મુકો અને બીજામાં સત્ય, તો સત્યનુ પલ્લુ જ નીચે જશે.સત્યની તાકાત તો અકળ હોય છે.સત્ય બોલકુ હોઇ ન શકે. સત્ય તો માણસની આંખોમાંથી નીતરતો પ્રેમનો પ્રવાહ છે. અન્ય ક્યારેય છુપાઇ શકતુ નથી. સત્યથી લોકોનુ હિત થાય છે.અસત્યથી હાનિ. જે માણસ સત્યનો છેડો પકડી રાખે છે. તે છેલ્લા કિનારે પહોચી શકે છે.જે માણસ બીજાનુ અહિત ઇચ્છતો હોય એ અધર્મનુ આચરણ કરતો હોય છે.આ જગત સત્યમાં સમાયેલુ હોય છે.જેનામાં થોડો પણ દગો હોય, કોઇના પ્રત્યે દ્રેષભાવ હોય ત્યાં સત્ય રહેતુ નથી.મહાભારતમાં કહ્યુ છે કે જે સભામાં વડીલો હોતા નથી એ સભા નથી.જે ધર્મની વાત ન કરે તે વડીલ નથી.જેમાં સત્ય નથી તે ધર્મ નથી.અન જે કપટપુર્ણ હોય તે સત્ય નથી.આપણે આગળ કહ્યુ છે તેમ આ વિશ્વ સત્યના આધારે જે ટકેલું છે.સત્ય જ પાયો છે.જે પાયો જ નબળો હોય તો ઇમારતના શા હાલ થાય ?સત્યને જીવાડવાની આપણી ફરજ છે.જે માણસ ફરજ ચુકે છે એ ઘણુ બધુ ગુમાવે છે. સત્ય ક્યારેય મરતુ નથી. મરવા દેતુ નથી.સત્ય અજરઅમર છે.એનો નાશ થતો નથી.એને કોઇ ખતમ કરી શકતુ નથી.સત્યમાં કશુ છુપાવવાનુ હોતુ નથી. અસત્યમાં છુપાવવુ પડે છે. સત્ય તો ઉઘાડી કિતાબ જેવું છે.જ્યાં સત્ય છે ત્યા કોઇ ડર હોતો નથી.ગાંધીજીએ કહ્યુ છ કે સત્ય ગુપ્તતાથી નફરત કરે છે.

સત્ય બોલનાર મહાન છે. જેનુ મન સત્યમાં લીન રહે છે.તે તપસ્વી કરતાં પણ મહાન છે.અને દાતા કરતાં પણ શ્રેષ્ઠ છે.સત્યમાં શ્રેષ્ઠતાનો ગુણ છે.સત્યની શક્તિનો કોઇ પાર નથી.સત્ય તો આપણો શણગાર છે. એ શણગારના આધારે જ સામેની વ્યક્તિને એનો પરચો મળતો હોય છે. જેમ કુલીન સ્ત્રીઓની શોભારૂપે લજ્જા છે તેમ સાચુ બોલવુ તે સર્વ વાણીઓનુ ભુષણ છે. આ આભુષણ જે આપણી શોભા છે. એક ત્રાજવામાં આખા વિશ્વની વસ્તુઓ મુકો અને બીજામાં સત્ય. તો સત્યનુ પલ્લુ નીચે જશે.

સત્યની તાકાત તો અકળ છે.સત્ય બોલકુ હોઇ ન શકે જે સત્યની વાતો કરે છે એ દંભી છે.સત્ય તો મૌન છે.સત્યને વાણીની જરૂર નથી.સત્ય તો માણસની આંખોમાંથી નીતરતો પ્રેમનો પ્રવાહ છે. સત્યનો જ વિજય થતો હોય છે.જગતના સર્વ ધર્મોમાં સત્ય શ્રેષ્ઠ ધર્મ છે.સત્યને ટીલાં ટપકાં કે પુજા માળાની જરૂર નથી.સત્યથી વધે એવો કોઇ ધર્મ નથી.બાઇબલમાં કહેવાયું છે કે સત્ય જ મહાન છે અને પરમ શક્તિશાળી છે.એ મહાન શક્તિનુ હથિયાર આપણા જ હાથમાં છે.પરંતુ માનવી નગણ્ય સ્વાર્થ ખાતર સત્યનો ત્યાગ કરતાં અચકાતો નથી.ધારો કે તેને તત્કાલીન થોડો ફાયદો થતો હશે.પણ એનાથી થતા નુકશાનનો અંદાજ એને હોતો નથી.આજે દરેક લોકો કહે છે કે અસત્યનો યુગ આવ્યો છે. દરેકને અસત્ય ગમતુ નથી પણ સત્યની શરુઆત પોતાનાથી કરવી જોઇએ તે થતી નથી.સત્યને ક્યારેય કાટ લાગતો નથી.સત્ય ક્યા છે ?એવા પ્રશ્નનો જવાબ શો હોઇ શકે ? સત્ય સર્વત્ર છે.જેવી રીતે દર્પણમાં પ્રતિબિંબ પડે છે એવી જ રીત પ્રકૃત્તિમાં રહેલી ચેતનાની છાયા સત્ય પ્રતીત થાય છે.

બીજાઓને જે પ્રસન્ન રાખે છે એને સત્ય કહેવુ જોઇએ. જે સત્ય બીજાઓના દુ:ખ માટે હોય એના માટે બુધ્ધિમાન મૌન રહે. સત્ય કોઇને કષ્ટ ન આપે.સત્ય સૌને આનંદ આપે છે. સત્ય સુખ આપે છે.સત્ય જીવવાનો આધારસ્તંભ છે.સત્ય માણસને માણસ બનાવે છે.સત્યથી જગતનુ નિયંત્રણ થાય છે. સત્ય જ વિશ્વનો શ્વાસ છે. સત્ય જ સર્વ ટકી રહ્યું છે. સત્ય તો વિરાય છે.આપણા જેવા સામાન્ય જીવો તો એને પ્રાપ્ત કરવામાં અસમર્થ છીએ.છતાયં આપણે જ સત્યની છાયામાં બેઠા છીએ.એવો દંભ કરતાં પણ અચકાતા નથી.સત્ય બીજાનુ ભલુ કરવા માટે હોય છે.અન્યને પીડવાથી અથવા પડાવી લેવાની દાનત રાખવાથી અસત્યને પોષવા સિવાય શું છે ?સત્ય પર જ લોકો નિર્ભર છે તે જન્મ મરણના બંધનોને પાર કરી જાય છે.સત્ય ત સ્વર્ગનુ દ્વાર છે. જગત માત્ર ને માત્ર સત્યના આધારે તરી જાય છે.ગાંધીજીએ કહ્યુ છે કે મારી સમક્ષ સત્યથી બીજો કોઇ ઇશ્વર છે જ નહી. સત્ય જ ઇશ્વર છે. સત્ય એક વિશાળ વૃક્ષ છે,તેની જેમ જેમ સેવા કરવામાં આવે છે તેમ તેમ તેમાં અનેક ફળ બેસે છે.તેનો અંત જ થતો નથી. એટલે જ તો તેમણે સત્યનો માર્ગ શુરાનો નહી કાયરનુ કામ જોને. એવુ કહેવાનુ મન થાય છે. અસત્ય લાંબો સમય રહી શકતુ નથી. અસત્ય સુકા ઘાસની ગંજી સમાન છે.સત્યની એક ચિનગારી એને ભસ્મ કરી નાંખે છે.કેટલાંક લોકો અસત્યને પણ સત્યના વાઘા પહેરાવતા હોય છે. કહેવાય છે કે એક જુઠ સો વખત કહેવાથી સત્ય બની જાય છે. પણ એ માત્ર આપણો ભ્રમ હોઇ શકે.સત્યને આત્મા દ્વારા જાણી શકાય છે. જે સત્ય છે તે કાયમ માટે સત્ય છે.સત્ય કોઇ તર્ક કે દલીલો દ્વારા પ્રાપ્ત થતુ નથી. સત્ય એ તો અનુભવની વસ્તુ છે.સંપ્રદાયો દ્વારા સત્યની પ્રતિતિ થઇ શકતી નથી.કારણકે સંપ્રદાય દ્વારા સત્યની પ્રતિષ્ઠા જ એમના માટે મહત્વની બની રહે છે. એમાં સત્ય તો કાયમ માટે છુપાઇ જાય છે.

ડૉ.કિશોરસિંહસોલંકી
(સૌ.સંદેશ)

## જાણવા જેવું !

મનુષ્યના મગજમાં ૨૨ અસ્થિઓ આવેલી હોય છે.

સામાન્ય રીતે વ્યક્તિ પ્રેકટીસ વિના એક મિનિટ સુધી તેમનો શ્વાસ રોકી શકે છે.પરંતુ ડેવીડ મેરલીની નામની વ્યક્તિ દ્વારા ૨૧ મિનીટ અને ૨૯ સેકંડ સુધી શ્વાસની પ્રક્રિયા રોકવાનો વિશ્વ વિક્રમ છે.

હાલમાં ટાઇપીંગ માટે જે કી બોર્ડ વાપરવામાં આવે છે તેની શોધ અને ડીઝાઇન ૧૮૬૮માં ક્રિસ્ટોફર શોલ્સે તૈયાર કરી હતી.

અનું. પાન નં ૪ નું ચાલુ

હતો.સરહદનું તાબામાં ટાઉનની હદમાં આવેલ સિનાઇમાં આવેલ કેટલાક ભુતકાળના સ્મારકોની મુલાકાત લીધી હતી.આ ગ્રુપે સાઉથ કોરીયા ગત સપ્તાહમાં છોડ્યું હતું.અને તેઓ ૧૨ દિવસની ઇઝારયેલ,ઇજીપ્ત અને ટર્કીની મુલાકાત લેવાના હતા. સાઉથ કોરીયાની યોનહેપ ન્યુઝ એજન્સીને મરનાર ચર્ચ સભ્યની પુત્રીએ જણાવ્યું હતું કે મારી માતા એ એક સાચી ખ્રિસ્તી વ્યક્તિ હતી.તેથી હું માની શકતી નથી કે તેમની સાથે આવું ખરાબ કૃત્ય કેમ બન્યું.અને હવે હું આ બાબતે શું કહેવું તે અંગે પણ મુંઝવણ અનુભવું છું.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૨૩૯૬



**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી. ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# નડતર વગર સંન્યાસી બને તેને સંન્યાસી કહેવાય

ગીતામાં કહ્યુ છે કે ફળની ઇચ્છાથી કરાતાં કર્મોના ત્યાગને જ્ઞાનીઓ 'સંન્યાસ ' કહે છે. અને સર્વ કર્મોના ફળના ત્યાગને વિવેકીઓ 'ત્યાગ' કહે છે. માત્ર વાસનાના કર્મોનો ત્યાગ પુરતો નથી, પણ જે ફળ મળ્યુ છે અથવા મળવાનું છે, એનો પણ ત્યાગ થવો જોઇએ.માણસના મનમાં કોઇપણ વસ્તુની ઇચ્છા થાય, ભોગ કે સ્વાદ માટે થોડી પણ લાલસા જાગવી જોઇએ નહીં. માણસની તૃષ્ણાનો કોઇજ પાર નથી.એ હંમેશા વધતી જ રહે છે. એને રોક લગાવી શકે, એ સંન્યાસી બની શકે છે.જો કે કોઇ પણ વસ્તુનો ત્યાગ કરવો એ મોટી બાબત નથી.પણ એના વિશેની સાચી સમજ જ્ઞાન થવુ જોઇએ. લોભને થોભ હોતો નથી.માણસ જેમ વધારે ભેગુ કરી એમ એની ઇચ્છા વધતી જાય છે.મન કાબુમાં રહેતુ નથી. કેટલાંક લોકો તો પોતાના લોભને પુરો કરવા માટે ભગવાં ધારણ કરતાં હોય છે. એ સંન્યાસી નહી. પણ બદમાશી કરતાં હોય છે.જ્યારે બધી વસ્તુઓ પ્રત્યેની ઇચ્છા મનમાં ન રહે ત્યારે સંન્યાસ લેવો જોઇએ.નહીતર માણસ પાપી બની જશે.સંન્યાસીના મનમાંથી મોહમાયાનો કચરો સાફ થઇ જવો જોઇએ. જેના કાબુમાં બાહ્ય કે આંતરિક ઇન્દ્રીયો જ ન હોય એ સંન્યાસી બનીને શું કરે ? આજે મોટા ભાગે ભગવાં વસ્ત્રોનાં ઓઠા નીચે પોતાની ઇચ્છાઓની તૃપ્તિ કરતાં હોય છે. થોડા સમય માટે,સંસાર અસાર છે.એવી ભાવના પ્રબળ બને,એવા સમયે સંન્યાસી બની જવાથી શું વળે ?સંન્યાસ તો આંતર ચેતનામાંથી પ્રગટવો જોઇએ. કેટલાંકને 'સ્મશાન વૈરાગ્ય'થતો હોય છે.પણ એના કારણે બાવાનાં બેય બગડતાં હોય છે.

જે બુધ્ધિશાળી છે, એ સમજપુર્વક કાર્ય કરતો હોય છે. જ્યાં સુધી એને જ્ઞાન ન થાય, એષણાઓથી અલિપ્ત ન બને,મનને કાબુમાં રાખી ન શકે ત્યાં સુધી તેને સંન્યાસી બનવાનો શો અર્થ ? પ્રવૃત્તિ કર્મનુ લક્ષણ છે. જ્ઞાન સંન્યાસનુ લક્ષણ છે. તેથી જ્ઞાનને પ્રાથમિકતા આપીને બધ્ધિશાળી સંન્યાસ ગ્રહણ કરે છે. સમજ વગરનો સંન્યાસ એન્જિન વિનાની ગાડી જેવો છે. સંન્યાસી તો સંયમી હોવો જોઇએ. એ મનનો, વચનનો,કાયાનો અને જરૂરીયાતોનો સંયમી જોઇએ. કોઇ અપેક્ષા ન હોય,ભોગવવાની ઇચ્છા થવી ન જોઇએ. એક વાત દીવા જેવી છે કે,જેને સત્ય સમજાઇ જાય છે, સંન્યાસનો ઉત્કટ ભાવ અંદરથી પ્રગટે છે.એ સંસારમાં રહી શકતો નથી. જેસૌની વચ્ચે હોય, પણ એમાંથી એને કંઇ જ સ્પર્શતુ ન હોય,કોઇએ સાચુ કહ્યુ છે કે જે બ્રહ્મચારી રહ્યો નથી, ગૃહસ્થ બન્યો નથી, જેને વાનપ્રસ્થ ગ્રહણ કર્યુ નથી તે સંન્યાસી કેવી રીતે બની શકે ?સંન્યાસી બનવા માટેના જે પગથિયા છે, એ જે ચડયો જ નથી એને સંન્યાસ કેવો ?

ગાંધીજીએ કહ્યુ છે 'સંસારમાં રહેતો હોવા છતાં સેવા-ભાવ અને સેવા માટે જ જે જીવે છે એ સંન્યાસી છે 'પરોપકાર એ મોટી સેવા છે. જેના મનમાં કોઇ પણ પ્રકારના બદલાની ભાવના હોતી નથી, કંઇ મેળવવાની અપેક્ષા હોતી નથી,છતાં પણ જે સેવા કરે છે,કોઇની કકળતી આંતરડી ઠારે છે, એ સંન્યાસી જ કહેવાય ને ?જે મન વચન અને કર્મથી શુધ્ધ છે, દગાખોર નથી, અનિષ્ટ કે અનીતિ કરતો નથી,જુઠ્ઠુ બોલતો નથી, નમ્ર છે, પ્રેમથી સૌની સાથે જીવે છે,વિનય વિવેક જેનામાં ભારોભાર છે , બીજાના દુઃખે દુખી થાય છે, જે બીજાના આંસુ લુંછવામાં અગ્રેસર હોય છે. એ સંન્યાસી છે.

મહાભારતમા કહેવાયુ છે કે 'જે માણસ ન તો કોઇનોય દ્વેષ કરે છે કે ન તો કશાની આકાંક્ષા કરે છે, તે કર્મયોગી સદા સંન્યાસી જ સમજવા યોગ્ય છે, કેમકે રાગ દ્વેષ વગેરે દ્વન્દો વિનાનો માણસ સુખપુર્વક સંસારના બંધનમાંથી મુક્ત થઇ જાય છે. 'જેને કોઇ પણ પ્રકારના બંધન નડતાં નથી. એ સંન્યાસી છે.જેના મનમાં કોઇના પ્રત્યે તિરસ્કાર કે ધિક્કારની લાગણી નથી.ગીતામાં કહેવાયુ છે કે કર્મયોગ વિના સંન્યાસ પ્રાપ્ત થવો મુશ્કેલ છે.જેનુ મન પોતાને વશ છે, જે જિતેન્દ્રીય છે, જેનુ અંતઃકરણ વિશુધ્ધ છે તથા સઘળા પ્રાણીઓના આત્મા સ્વરુપ પરમાત્મા જ જેનો આત્મા છે, એવો કર્મયોગી કર્મ કરતો હોવાં છતાં તેનાથી લેપાતો નથી ,જેને દુન્યવી કશુંજ સ્પર્શતુ નથી. સંન્યાસી આશ્રમ કે મઠ કે મંદિર બનાવતો નથી. એને તો આખુ વિશ્વ એક આશ્રમ જ હોય છે.વેદવ્યાસે મહાભારતના શાંતિ પર્વમાં કહ્યુ છે કે 'સંન્યાસી ક્યારેય અગ્નિની સ્થાપના કરતો નથી અને ઘરે કે મઠ બનાવીને રહેતો નથી, માત્ર ભિક્ષા લેવા માટે જ ગામમાં જાય છે 'આશ્રમો, મઠો કે મંદિરો બનાવે છે એ સંન્યાસી હોતા નથી.એ તો આશ્રમોના નામે આમદાની એકઠી કરવાવાળા હોય છે. એમને અને સંન્યાસને બાર ગાઉનુ છેટું હોય છે.આજે તો આપણે જાણીએ છીએ કે ભગવાધારીઓમાં જેટલા ઝગડા હોય છે, એટલા સંસારીઓમાં હોતા નથી.એક પણ આશ્રમ-મઠ કે મંદિર એવું નહી હોય કે જેના માટે ઝગડા ન હોય. તો લડનારા સંન્યાસી કેવા ?એમને સંન્યાસી કહેતાં આપણને શરમ આવે છે.જેને કોઇ તૃષ્ણા જ નથી,કશી જ અપેક્ષા નથી,માત્ર શાસ્ત્ર પ્રમાણે જીવે છે. એને પામીને મોક્ષનો માત્ર માર્ગ શોધે છે એ સંન્યાસી છે.

સંન્યાસી શું કરે ? ઇલ્લીસ જાતક માં કહ્યુ છે ' જેવી રીતે ભ્રમર ફુલના રંગ અને સુગંધને હાનિ પહોચાડ્યા વિના રસ મેળવે છે એવી રીતે સંન્યાસી ગામમાં વિચરણ કરે છે, કોઇને નડતરરૂપ બનવુ એ સંન્યાસીનુ લક્ષણ નથી પણ બીજાને મદદરૂપ બનવુ,કોઇની સેવા કરવી,કોઇને ઉપયોગી થવુ અને દરેકને સાચો માર્ગ બતાવવો એ સંન્યાસીનુ કર્તવ્ય છે. 'આપણે જાણીએ છીએ કે સંન્યાસીનો માર્ગ ખાંડાની ધાર પર ચાલવાનો છે. સળગતા અગ્નિમાં પસાર થવાની પ્રક્રિયા છે. એમાં જે ચાલવાની ક્ષમતા ધરાવે છે એ કંઇક મેળવી શકે છે.

સંન્યાસ એ શુરાઓનો માર્ગ છે.કાયરોનુ કામ નથી.જે માણસ આસક્તિઓમાં રચ્યો પચ્યો રહેતો હોય,વાસનાઓ જેને છુટતી ના હોય, વિષયોથી અલિપ્ત થઇ શકતો ન હોય અને સ્વાદના જેને ચટકા હોય એ સંન્યાસી કેવો ? ભગવાં ધારણ કરીને નીકળી પડવાથી સંન્યાસી બની જવાતું નથી. સંન્યાસીનુ હ્રદય પણ ભગવા રંગે રંગાવુ જોઇએ. જે સાચા સંન્યાસી છે એમને ગૃહત્યાગની જરૂર નથી.ધારો કે ગૃહત્યાગ કરે તો એમને પાછળનુ કોઇ વળગણ રહેતુ નથી.જે સંન્યાસી બનીને મોહ-માયામાં લપટાયેલો રહે છે, એને નમન કરવાં એ પાપના ભાગીદાર બનવા બરાબર છે. મહાત્મા ગાંધી તો સત્યને જ ઇશ્વર માને છે. એવા લોકોના મનમાં કોઇ ધર્મના વાડા નથી હોતા.બધા જ ધર્મો સમાન હોય છે. એમણે કહ્યુ છે કે " સંન્યાસી હિન્દુ ધર્મનો જ નહીં બધા જ ધર્મોનો છે.' સંન્યાસીના મનમાં ભેદભાવ હોઇ ન શકે. જ્યાં ભેદભાવ છે ત્યાં સંન્યાસ નથી.ટોલસ્ટોયે ક્યાંક નોધ્યું છે ' પહેલાં સોનાના સંન્યાસી અને લાકડાના કમંડળ હતા અને અત્યારે સોનાના કમંડલ અને લાકડાના સંન્યાસી છે ' અત્યારે કહેવાતા સંન્યાસીઓ ધન-દોલતમાં આળોટે છે. એવા સંન્યાસીઓથી દુર રહેવુ જોઇએ. કારણકે સાચા અર્થમાં એ ઠગ જ ગણાય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# ઇઝરાયેલમાં આત્મઘાતી બોંબ હુમલાખોર દ્વારા સાઉથ કોરીયન ખ્રિસ્તી પ્રવાસીઓની હત્યા



સાઉથ કોરીયન ખ્રિસ્તી પ્રવાસીઓથી ભરેલ ફુલ બસ જે ઇઝરાયેલના પવિત્ર ધામોની યાત્રા પર આવેલ હતી અને તેઓ બાયબલમાં ઉદ્દશાયેલ પવિત્ર સ્થળોની મુલાકાત લઇ રહી હતી તેની ઉપર એક આત્મધાતી બોબરે હુમલો કર્યો હતો.જેમાં સાઉથ કોરીયન ખ્રિસ્તી પ્રવાસીઓની હત્યા થઇ હતી.આ મૃત્યુમાં ઇજીપ્શીય બસ ડ્રાઇવરનો પણ સમાવેશ થાય છે.સ્થાનિક ચર્ચના એક સભ્યનો સમાવેશ થાય છે અને બે સાઉથ કોરીયન ખ્રિસ્તી પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે.પ્રવાસીઓમાંથી ૧૪ લોકો ઇજા થઇ હતી. તેવું પ્રેસ એસોસીએટેડે જણાવ્યું હતું.

સાઉથ કોરીયાના પ્રવાસીઓ પર હુમલો કરાયો હોય તેવો આ પ્રથમ પ્રયાસ નથી.૨૦૦૭માં૪૩ દિવસ બાદ બંધક બનાવેલા બે સાઉથ કોરીયન મિશનરી અફઘાનિસ્તાનમાં મરણ પામ્યા હતા.સાઉથ કોરીયાએ તેમના દેશના નાગરિકોને મુસ્લીમ દેશોની મુલાકાત લેવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.જે એક રીતે કોરીયન ખ્રિસ્તીઓ માટે આશીર્વાદરુપ છે.આ વખતે ૩૧ ચર્ચ ગ્રોવર પ્રેસબ્રિટેરીયન ચર્ચ,શીયોલથી બસમાં આવ્યા હતા.તેઓ તેમના ચર્ચોની ૬૦મી વર્ષગાંઠ ઉજવણી નિમિત્તે આ પવિત્ર ધામોની મુલાકાતે આવ્યા હતા.આ હુમલાની કોઇપણ ગ્રુપે જવાબદારી સ્વીકારી નથી.જેથી અલ-કાયદા મીલીટંટ ગ્રુપ ઉપર શંકા જાય છે.કે જેઓ ઇઝરાયેલ સરકાર સાથે સિનાઇ ક્ષેત્ર બાબતે ઝગડી રહ્યા છે.રવિવારના દિવસે આ પ્રવાસી ગ્રુપે ઇજીપ્શીયન બોર્ડરથી ઇઝરાયેલમાં પ્રવેશ કર્યો

અનું. પાન નં ૩ ઉપર


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૭૯૧૪૫૧૮૩૬૭



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.